| Publication: Prabhat | Edition: Ahmedabad |
|---|---|
| Date: December 21, 2016 | Page: 3 |


# એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડને રૂ. ૧૦૦ કરોડથી વધારેના ઓર્ડર્સ મળ્યાં

ભારતમાં વીજ ઉપકરણ ઉત્પાદનમાં સ્થાપિત કંપની એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડ (કંપની તરીકે સંદર્ભિત; NSE: Symbol; HPL, BSE: Scrip Code; 54136)ને રૂ. ૧૦૦ કરોડથી વધારે મૂલ્યના ઓર્ડર્સ મળ્યાં છે, જેંમાં રૂ. ૭૦ કરોડનો ભોપાલ સ્માર્ટ સિટી લાઈટિંગ પ્રોજેક્ટ અન રૂ. ૩૩ કરોડનો સધર્ન પાવર ડિસ્ટ્રિબ્યુશનનો એનર્જી મીટર્સ પ્રોજેક્ટ સામેલ છે. એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર શ્રી ગૌતમ સેઠે કહ્યું હતું કે, અમને ભોપાલ સ્માર્ટ સિટી લાઈટિંગ પાસેથી ઓર્ડર મળવાની ખુશી છે અને આ શક્ય બનાવનાર અમારી સંશોધન અને વિકાસ ટીમના પ્રયાસોને બિરદાવા ઈચ્છીએ છીએ.